# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

Azadi Ka Amrit Mahotsav

**વંચાણે:** અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક નં.: જા.નં. નકૃયુ/વવહિઅ/બી-૧/૧૬૩૩/૨૦૨૦ તા.૧૧.૦૬.૨૦૨૦.

**અગત્યનું**

## પરિપત્ર

**વિષય:– મુસાફરી ભથ્થા બીલના નાણાં જમા કરાવવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ કચેરીનાં વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરીની તિજોરી શાખાના વંચાણે લીધેલ પરિપત્રના **મુદા નં.૧૪** મુજબ **તા.૦૧.૦૭.૨૦૨૦** થી **મુસાફરી ભથ્થા બીલોના ચૂકવણા** જે તે કચેરીના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓના બેન્ક ખાતામાં અત્રેથી બારોબાર **DBT દ્વારા મહિનાનાં અંતે ૨૫ તારીખનાં રોજ જમા કરાવવામાં આવશે એમ જણાવેલ હતુ**. જે અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓના હિતને ધ્યાને લઈ તેઓને સમયસર ચૂકવણું થાય તે હેતુસર હવે પછી અગાઉની પ્રથા મુજબ માહે **જુલાઈ–૨૦૨૨ (તા.૦૧.૦૭.૨૦૨૨)** થી **મુસાફરી ભથ્થા બીલો** જેમ પાસીંગ અર્થે રજુ કરવામાં આવશે તે મુજબ જે તે કચેરીના **ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓનાં બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે**, જેનુ ચૂકવણું ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીએ જે તે **અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓના બેન્ક ખાતામાં કરવાનું રહેશે**.

વંચાણે લીધેલ પરિપત્રોની અન્ય વિગતો યથાવત રહેશે.

**જા.નં. નકૃયુ/હિનિ/વવહિઅ/બી–૪/૪૨૧૮/૨૦૨૨**
**નવસારી, તા. ૧૬/૦૬/૨૦૨૨**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):–**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ જાણ થવા સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):–**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.